# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી માળખાગત સુવિધાઓ, સુરક્ષા અને વિદેશ નીતિનો રોડમેપ તૈયાર કર્યો.
2. લદ્દાખમાં જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટની બેન્ચ સ્થાપવા કેબિનેટની મંજૂરી.
3. પુણેમાં આજે 12મી BRICS સંચાર મંત્રીઓની બેઠક યોજાશે.
4. સોમાલિયાના દરિયાકાંઠે કાર્ગો જહાજનું અપહરણ, 6 ભારતીયો સહિત 10 ક્રૂ સભ્યો બંધક.
5. બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમા ભારતીય શટલરો આજે ચીનના ખેલાડીઓ સામે ક્વાર્ટર ફાઇનલમાં રમશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-SECRETARIES MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નિવાસસ્થાને ભારત સરકારના સચિવો સાથે ત્રીજી ઉચ્ચ-સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી, સુરક્ષા અને વિદેશ નીતિનો રોડમેપ તૈયાર કરાયો હતો. શ્રી મોદીએ સચિવોને લાંબા ગાળાના દૃષ્ટિકોણ સાથે વિચારવા અને દેશનું ભવિષ્ય કેવી રીતે ઘડવું તે અંગે નવી દિશામાં વિચાર કરવા અનુરોધ કર્યો હતો. તેમણે સરકારી વિભાગો વચ્ચે વધુ સુસંગતતા જાળવવા પર ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ નીતિનિર્માણમાં નવા દ્રષ્ટિકોણ લાવવા માટે સરકારી વિભાગો, યુનિવર્સિટીઓ અને યુવાનો વચ્ચે વધુ જોડાણ માટે હાકલ કરી. સાંભળીએ એક અહેવાલ...

## (BYTE: SAKLEN)

*(बैठक में प्रधानमंत्री ने कहा कि अधिकारियों के बीच अनौपचारिक बातचीत और टीम भावना को बढ़ावा देने की जरूरत है। श्री मोदी ने सरकारी विभागों, विश्वविद्यालयों और युवाओं के बीच ज्यादा जुड़ाव की बात कही। प्रधानमंत्री ने अपनी बात खत्म करते हुए जटिल चुनौतियों से निपटने और भारत के भविष्य को आकार देने के लिए बेहतर तालमेल, नई सोच और सामूहिक जिम्मेदारी की जरूरत को दोहराया। प्रिया के साथ सकलैन अख्तर, आकाशवाणी समाचार, दिल्ली।)*

# PM - JAPAN DEFENCE MINISTER

જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમી ભારતની સત્તાવાર મુલાકાતે છે, તેમણે ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી . આ મુલાકાત દરમિયાન, શ્રી મોદીએ ભારત અને જાપાન વચ્ચે ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટેના તેમના વિઝનને શેર કર્યું અને ભારત-જાપાન સંરક્ષણ અને સુરક્ષા સહયોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો. શ્રી મોદીએ 'મેક ઇન ઈન્ડિયા' હેઠળ સંરક્ષણ ક્ષેત્રમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે જાપાનની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સને ભારતીય કંપનીઓ સાથે ભાગીદારી કરવાની તકો અંગે પણ ચર્ચા કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે બંને વચ્ચે ભારત-જાપાનના સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા થઈ.

# AMIT SHAH - WB VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળના ત્રણ દિવસના પ્રવાસે આજે સિલિગુડીમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ સશસ્ત્ર સીમા દળના મુખ્યાલય ખાતે અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે. તેઓ સિલિગુડી કોરિડોર ખાતે બે બેઠકોમાં પણ હાજરી આપશે.

બપોરે શ્રી શાહ કાવાખલી મેદાન ખાતે ભારતીય ન્યાય સંહિતા (BNS) પર એક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રદર્શન નવા ફોજદારી કાયદા વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને આ મહિનાની 26મી તારીખ સુધી ચાલુ રહેશે.

શ્રી શાહ આજે સાંજે પક્ષના નેતાઓ અને કાર્યકરોને પણ મળવાના છે. ટેકરીઓ અને આંતરિક સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર બે સમીક્ષા બેઠકો પણ આવતીકાલે યોજાવાની છે.

# AMIT SHAH - LADAKH HC

કેન્દ્રીય મંત્રીમંડળે લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટની બેન્ચની સ્થાપનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટ પર આ માહિતી આપી હતી.

અમિત શાહે જણાવ્યું કે, આ નિર્ણયથી લદ્દાખના દૂરના વિસ્તારોમાં રહેતા નાગરિકોને ન્યાય મેળવવામાં તેમજ કાનૂની સેવાઓનો લાભ મેળવવામા સરળતા રહેશે.તેમણે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકાર લદ્દાખના સર્વાંગી વિકાસ અને ત્યાંના નાગરિકો માટે બંધારણીય સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# PM-ZAMBIA PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝામ્બિયાના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાઈ આવવા બદલ હકાઈન્ડે હિચિલેમાને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ નોંધ્યું હતું કે ભારત ઝામ્બિયા સાથેની તેની બહુપક્ષીય ભાગીદારીને ખૂબ મહત્વ આપે છે. તેઓ ભારત-ઝામ્બિયા સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે રાષ્ટ્રપતિ હિચિલેમા સાથે મળીને કામ કરવા આતુર છે.

# BRICS-COMM MINISTERS MEET

ભારત આજે પુણેમાં 12મી બ્રિક્સ સંચાર મંત્રીઓની બેઠકનું આયોજન કરશે. આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા કરશે. બ્રિક્સ સભ્ય દેશોના સંચાર મંત્રીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ માહિતી અને સંચાર ટેકનોલોજી, ડિજિટલ પરિવર્તન અને નવીનતાને મજબૂત બનાવવા પર ચર્ચા કરશે. આ બેઠકનો વિષય "નવીનતા, સહકાર અને સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે પરિવર્તન" છે.

ચર્ચા દરમિયાન બ્રિક્સ દેશો ઉપરાંત વૈશ્વિક દક્ષિણમાં ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે વ્યવહારુ સહયોગ વધારવા અને એકબીજાની શ્રેષ્ઠ પદ્ધતિઓ નું આદાન-પ્રદાન કરવા પર પણ ભાર મૂકવામાં આવશે.

# NTA - ANSWER KEY CHALLENGE

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ પોતાની 'આન્સર કી ચેલેન્જ' પ્રણાલીને યોગ્ય અને તમામ વિદ્યાર્થીઓ માટે સમાન ગણાવી છે. સાથે જ આ પ્રક્રિયા મોંઘી હોવાની ચિંતાઓને પણ NTAએ ફગાવી દીધી છે.NTAએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, JEE Main, NEET અને UGC NET જેવી પરીક્ષાઓમાં ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કીમાં કોઈ ભૂલ જણાય તો તેઓ ઓનલાઈન વાંધો નોંધાવી શકે છે.

NTAએ સ્પષ્ટ કર્યું કે વાંધો નોંધાવવા માટે લેવામાં આવતી ફીનો હેતુ નકામા અથવા આધાર વગરના વાંધાઓને રોકવાનો છે. વિદ્યાર્થીઓ પાસેથી નફો કમાવવાનો નથી. જો ઉમેદવારનો વાંધો સાચો સાબિત થાય, તો તેની ફી પરત કરવામાં આવે છે. સાંભળીએ એક અહેવાલ....

## (BYTE: VAISHNAVI)

*(एनटीए ने एक सोशल मीडिया पोस्ट में कहा कि अगर कोई भी उम्मीदवार किसी प्रश्न को चुनौती देता है और विषय विशेषज्ञ उस चुनौती को स्वीकार कर लेते हैं, तो संशोधित उत्तर परीक्षा देने वाले सभी उम्मीदवारों पर लागू होता है। एनटीए ने कहा कि उत्तर को चुनौती देने पर फीस इसलिए ली जाती है ताकि अकारण की चुनौती से बचा जा सके और अगर चुनौती सही साबित होती है, तो फीस वापस कर दी जाती है। किसी भी उम्मीदवार की सही चुनौती लाखों दूसरे उम्मीदवारों के रिकॉर्ड को सही कर सकती है। समाचार कक्ष से वैष्णवी।)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# SOMALIA - CARGO SHIP HIJACK

સોમાલિયાના દરિયાકાંઠે ચાંચિયાઓ દ્વારા કાર્ગો જહાજનું અપહરણ કરવામા આવ્યું છે. જેમા 6 ભારતીયો સહિત 10 ક્રૂ સભ્યોને બંધક બનાવાયા છે.અપહરણ બાદ ચાંચિયાઓ જહાજને નુગાલના દરિયાકાંઠા તરફ લઈ ગયા હતા.આ જહાજમાં 6 ભારતીય, 1 તુર્કી, 1 જ્યોર્જિયન અને 2 સર્બિયન સુરક્ષા ગાર્ડ સામેલ હતા.આ જહાજમાં તુર્કીથી મોકલવામાં આવેલા શસ્ત્રો, સંદેશાવ્યવહાર અને ઉપગ્રહના સાધનો હતા. જે મોગાદિશુમાં આવેલી એક સૈન્ય તાલીમ સુવિધા માટે લઈ જવામાં આવી રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે સોમાલી ચાંચિયાઓએ ચાર દિવસમાં બે જહાજોનું અપહરણ કર્યું છે.સોમાલી અધિકારીઓએ જણાવ્યું હતું કે, છ જહાજો હાલમાં ચાંચિયાઓના કબજામાં છે, જેમાં આ અઠવાડિયે બે જહાજોનુ અપહરણ કરવામા આવ્યુ છે. અને તે જહાજોમાં 100 થી વધુ ક્રૂ સભ્યોને બંધક બનાવવામાં આવ્યા છે.

# NIGERIA-BOAT CAPSIZE

નાઈજિરિયાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા સોકોટો રાજ્યમાં નદીમાં એક હોડી પલટી જતાં 47 લોકોનાં મોત થયા છે.ગોરાઉ શહેરમાં કામ માટે ખેતરોમાં જઈ રહેલા 80 થી વધુ લોકો હોડીમાં સવાર હતા.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે જાન્યુઆરીમાં, યોબે રાજ્યમાં આવી જ એક દુર્ઘટનામાં 25 લોકો માર્યા ગયા હતા.

# BWF WC - DAY 5 FIXTURES

બેડમિન્ટનમાં, ભારતીય શટલરો આજે નવી દિલ્હીમાં BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026 માં પુરુષો અને મહિલા ડબલ્સના ક્વાર્ટર ફાઇનલમાં રમશે. સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષોની ડબલ્સની જોડી ચીનના ખેલાડીઓ સામે રમશે. આ જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની જોડીને 21-23, 21-19, 21-17 થી હરાવી હતી.

મહિલા ડબલ્સમાં, ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડીનો સામનો ચોથી ક્રમાંકિત ચીનની જોડી સાથે થશે. આ જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં સાતમા ક્રમાંકિત જાપાનના ખેલાડીઓને 21-16, 21-12 થી હરાવ્યા હતા.

# HOCKEY-FIH WORLD CUP

હોકીમાં, ભારતીય મહિલા ટીમ આજે FIH વર્લ્ડ કપના બીજા પૂલ તબક્કાના પ્રથમ મેચમાં નેધરલેન્ડ્સ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 9:30 વાગ્યે શરૂ થશે.

આ પહેલા, ભારત ગઈકાલે પૂલ D મેચ બાદ બીજા રાઉન્ડમાં પ્રવેશ્યું હતું. આ સ્પર્ધા દરમિયાન ભારતના ડિફેન્સે મજબૂત પકડ બનાવી હતી. સાંભળીએ એક અહેવાલ....

## (BYTE: SHAKTI SPORTS)

*(हॉकी विश्व कप के दूसरे पूल चरण मैच में आज अमस्टेलफेन में भारतीय महिला टीम का मुकाबला नीदरलैंड से होगा। कल पूल डी में अपने आखिरी मैच में इंग्लैंड के साथ बिना किसी गोल के ड्रॉ खेलने के बाद भारत दूसरे दौर में पहुंच गया। इधर नई दिल्ली में बैडमिंटन विश्व चैंपियनशिप में आज भारतीय खिलाड़ी पुरुष व महिला डबल्स के क्वार्टर फाइनल में उतरेंगे। सात्विक साईराज रंकीरेड्डी और चिराग शेट्टी की पुरुष डबल्स जोड़ी का मुकाबला चीन की तीसरी वरीयता प्राप्त लियांग वेई केंग और वांग चांग से होगा। महिला डबल्स में त्रिशा जॉली और गायत्री गोपीचंद का सामना चीन की चौथी वरीयता प्राप्त चिया यी फेन और झांग शू शियान से होगा।)*

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના મુખ્ય અખબારોએ નીટ મામલે આંદોલનકારી વિધાર્થીઓ પર થયેલા બળ પ્રયોગ બદલ સમિતિની રચનાના સમાચાર ને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશએ US નું દેવું 40 લાખ કરોડ ડૉલરને પાર, રશિયાનો કિવ પર પ્રચંડ હુમલો અને જંતરમંતર પર પોલીસ બળ પ્રયોગની તપાસ માટે સમિતિની રચના કરાઇના સમાચાર વાંચવા મળી રહ્યા છે
- જયારે દિવ્ય ભાસ્કરે માત્ર દારૂ જ નહી, દારૂ બંધી પણ નકલી છે, જંતર મંતર પર પોલીસ હિંસાની તપાસ ભૂતપૂર્વ જસ્ટિસને સોંપાઈ, દુનિયાભરની ટેક કંપનીઓ AI નો ઉપયોગ કરે છે, પરંતુ ફાયદો માત્ર 10% ને જ થયો અને કચ્છના પેટાળ માંથી ઓઇલ અને ગેસ કાઢવાની જાહેરાત પોકળ પુરવાર થઇ અને લિવ ઇન સંબંધ લગ્ન જેવો, પરેન્ટ્સ દખલ કરી શકે નહીં જેવા સમાચારો પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- નવ ગુજરાત સમયે ખાંડમાં કડવાશ : 10 લાખ ટનની આયાત થશે ,નીટ આંદોલનમાં કથિત પોલીસ દમનની તપાસ માટે સુપ્રીમ કોર્ટ સમિતિ બનાવી ,ઝારખંડમાં ભરતી પરીક્ષાઓ રદ કરવાના હુકમ સામે કોર્ટનો સ્ટે અને કલકેટર નાગરિકતા મંજૂર કરશે, ગુજરાત સહિત આઠ રાજયોમાં નિયમોમાં ફેરફાર ના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારો માં જોઈએ તો 20 વર્ષથી ફૂડ સેમ્પલિનગમાં પંચનામું જ કરાતું નથી, કાગળ પર લખાણ લઈ ભેળસેળિયાઓને છટકી જવાની ખુલ્લી છૂટ અને લઠ્ઠા કાંડમાં મૃત્યુ આંક 11 પર પહોંચ્યો 13 આરોપીના 10 દિવસના રિમાન્ડ મંજૂર જેવા સમાચાર છેલ્લા પાને વાંચવા મળી રહ્યા છે.